# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૨/૧૯- ૨૦/૫૫૬૦–૩** **તા.૨૧–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૦૧/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ઉત્કર્ષ સ્કુલ ઓફ એક્ષ્સેલન્સ** ગામ: **રાજકોટ**

રજૂઆત કરનાર: **અરજદાર ઉત્કર્ષ સ્કુલ ઓફ એક્ષ્સેલન્સ વતી તેના પ્રતિનિધિ તરીકે વિમલભાઈ છાયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રૂઘાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ઉત્કર્ષ સ્કુલ ઓફ એક્ષ્સેલન્સ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૦૧/ક્વા-૨/૧૯- ૨૦, માં જણાવે છે કે**, તેઓ સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટટ એજયુકેશન ટ્રસ્ટ ના નામે ગ્રાહક નં. ૮૭૬૦૫/૦૩૦૭૮/૯ થી ૭૫ કીવો નુ અને ગ્રાહક નં.૮૭૬૦૫/૦૪૩૩૭/૬ થી ૧૦૦ કીવો ના બે વીજ જોડાણ ધરાવે છે. જે સામેવાળા દવારા મર્જ કરવાની કાર્યવાહી કરવા જણાવેલ, જેની સામે રજુઆત નીચે મુજબ કરેલ છે.
(૧) ઉપરોકત પ્રથમ ગ્રાહક નંબર અન્વયે ઉત્કર્ષ સ્કુલ ઓફ એકસેલન્સ સેકન્ડરી – હાયર સેકન્ડરી અને બીજા ગ્રાહક નંબર અન્વયે ઉત્કર્ષ સ્કુલ ઓફ એકસેલન્સ – પ્રાયમરી સ્કુલ ચલાવે છે. ગુજરાત સરકારશ્રી દવારા માન્યતા પ્રાપ્ત ટ્રસ્ટનેજ શાળા ચલાવવાની મંજુરી મળતી હોય છે. કોઈપણ ટ્રસ્ટ હેઠળ ગમે તેટલી શાળા ચાલતી હોય તો પણ ટ્રસ્ટનુ નામ એકજ હોય છે.
(૨)ઉપરોકત બન્ને વીજ જોડાણ અલગ–અલગ બિલ્ડીંગ મા સામેવાળા દવારા નીચે મુજબ આપેલ છે.
– તા.૨૧–૧૨–૧૧ ના રોજ અરજદાર ના બીલ્ડર વિજયભાઈ ઠાકરશીભાઈ પટેલ – કે જેઓને ૮૭૬૦૧/૦૬૩૧૦/૦, ૮૭૬૦૧/૦૬૩૦૮/૯, ૮૭૬૦૧/૦૬૩૦૯/૭, ૮૭૬૦૧/૦૬૩૦૭/૦, દવારા અપાયેલ

જોડાણ ને સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટટ એજયુકેશન ટ્રસ્ટ હેઠળ પ્રથમ બિલ્ડીંગ ને સામેવાળા દવારા નવુ વીજજોડાણ આપેલ હતુ.

– સામેવાળા દવારા સદર સ્થળ તપાસ દવારા વધુ લોડ હોય, જે અન્વયે તા.૨૨–૦૭–૧૩ ના રોજ પીજીવીસીએલમા રૂ.૧,૩૩,૧૨૧/– રકમ ભરીને ૬૦ કીવો નુ વીજ જોડાણ મેળવેલ.

– ત્યારબાદ તા.૧૫–૦૪–૧૪ ના રોજ ફરી સ્થળ તપાસ દરમ્યાન લોડ વધારો કરવા સુચના આપેલ, જે અન્વયે રૂ.૨,૦૪,૫૯૩/– ભરપાઈ કરી ૭૫ કીવો લોડ મંજુર કરાવેલ.

(૩)જુન–૧૬ માં ટ્રસ્ટ દવારા પ્રાયમરી સ્કુલ – શાળા ના નવા બિલ્ડીંગ મા – બીજા ગ્રાહક નંબર અન્વયે શરૂઆતથી જ ૯૫ કીવો કરેલ. ત્યારબાદ સામેવાળા દવારા સ્થળ તપાસણી મુજબ તા.૨૫–૦૯–૧૮ ના રોજ ફરીથી લોડ વધારો કરી ૧૦૦ કીવો માટે રૂ.૩૧,૭૬૨/– ભરપાઈ કરેલ

(૪) ગુજરાત સરકાર શ્રી ના જીડીસીઆર ના નિયમ અન્વયે પીજીવીસીએલ દવારા કોઈ એક રહેણાક અથવા તો વાણીજય બિલ્ડીંગમાં એકજ માલીક ના નામે ઘણા વીજ જોડાણો આપવામા આવે છે. જેથી, અરજદાર પોતે ઉપરોક્ત ટ્રસ્ટ હેઠળ – ૦૨ સંસ્થાઓમા અલગ–અલગ બિલ્ડીંગમા ચલાવતા હોય, સામેવાળા દવારા અપાયેલ વીજ જોડાણ ગેરકાયદેસર સાબિત કરવાના પ્રયત્નો કરી રહયા છે.

વર્ષ–૨૦૧૬ મા બીજા ગ્રાહક નંબર થી માંગવામા આવેલ વીજ જોડાણ ગેરકાયદેસર હોત તો – જે તે સમયે વીજ જોડણ આપેલ ન હોત, તેમજ ચાલુ શાળાએ સબંધિત અધિકારીઓ વિદ્યાર્થીની સામે જાણે – પાવર ચોરી કરનારા પર દરોડા પાડતા હોય – તે રીતે દેખાવ કરતા હોવાથી માનસીક ત્રાસ થાય છે.

ઉપરોક્ત બાબતે અટલા વર્ષોમાં લોડ વધારો કે નવુ જોડાણ આપતી વખતે સામેવાળા ના અધિકારીઓ દવારા કોઈ માર્ગદર્શન આપેલ નથી. તેમજ, જે તે વખતે સર્વિસ વાયર ને વીજ જોડાણ આપતી વખતે જરૂરી રકમ ભરપાઈ કરેલ છે,જે નાણાકીય ભારણ શુ સબંધિત અધિકારી પાસેથી વ્યાજ સહિત વસુલવામા આવશે?આમ, ઉપરોક્ત બાબતે – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- રાજકોટ શહેરના લક્ષ્મીનગર સબડીવીઝનના વિસ્તારમાં સ્વ.કસ્તુરબા પી.ભટ્ટ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અક્ષર માર્ગ પર લાઈટીંગ થ્રી ફેઝ વીજ કનેક્શન ૨૩.૯.૨૦૧૧ ના રોજ ૨૫ kwની માંગણી કરેલ . જે વીજ કનેક્શન તા ૨૦.૧૨.૨૦૧૧.ના રોજ ચાલુ કરવામાં આવેલ. જેનો વીજ ગ્રાહક નંબર ૮૭૬૦૫/૩૦૭૮/૯ છે. ત્યાર બાદ આ વીજ કનેક્શનમાં તા.૧૫.૪.૨૦૧૪ના રોજ લોડ વધારો માંગવામાં આવેલ. અને આમ આ વીજ કનેક્શનનો કુલ લોડ એપ્રીલ ૨૦૧૪ થી ૭૫ kw થયેલ. વિશેષમાં જણાવવાનું કે આ કનેક્શન જીએલપી ટેરિફ પ્રમાણે ૨૦૧૧ થી બિલિંગ કરવામાં આવેલ છે.

3.૧ ત્યારબાદ આજ એજ્યુકેશન ટ્રસ્ટ મારફતે અક્ષરમાર્ગ પર બીજું એક વીજ કનેક્શન તા.26.4.2016 ના રોજ માંગવામાં આવેલ આ કનેક્શન તા.31.5.2016 થી નવું ૯૫ kwનું નવું કનેક્શન આપવામાં આવેલ ત્યારબાદ આજ કનેક્શનમાં ૫ kwનો લોડવધારો તા.૧૭.૯.૨૦૧૮ થી માંગવામાં આવેલ આમ આ કનેક્શનનો કુલ લોડ ૧૦૦ kwનો હોય ટ્રસ્ટ લાઈટીંગ કેટેગરીનું ગણી કે જેનો કનેક્શન નંબર 87605/04337/6 છે.

3.૨ આમ ઉપરોક્ત બંને કનેક્શન લક્ષ્મીનગર સબડિવિઝનમાં સ્વ.કસ્તુરબા પી.ભટ્ટ એજ્યુકેશન ટ્રસ્ટ ના નામે છે અને બંને જીએલપી ટેરિફ ના છે. આ બંને કનેક્શન હાલના તબ્બકે જોતાં બંનેની પ્રીમાઈસિસ કોમન થતી હોય વર્ષ ૨૦૧૧ ની નવી ટેરિફ મુજબ કનેક્શન મર્જ કરવાનું થતું હોય લક્ષ્મીનગર સબ ડિવિઝન દ્વારા નોટિસ અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી દ્રારા સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટટ એજયુકેશન ટ્રસ્ટ ના નામે થ્રી ફેઇઝ વીજજોડાણ મેળવવા માટે તા ૨૩.૯.૨૦૧૧ ના રોજ ૨૫ kwથી નોંધણી કરાવેલ, જે અન્વયે – જોડેલ આધાર–પુરાવા મુજબ શ્રી વિમલ ગીરીશચંદ્ર છાયા અને અન્ય ૦૩ ભાગીદારો(૧) શ્રીમતી શોભનાબેન જતીનભાઈ ભરાડ (૨) શ્રી સુરેશ દામોદર વરીયલ (૩) શ્રી મુકુંદગીરી ફુલગીરી ગોસ્વામી એ તેઓની સ્વતંત્ર માલીકી નુ બીલ્ડીંગ જે અક્ષરમાર્ગ, રાતરાણી ટાવર પાસે રાજકોટ

ખાતે આવેલ છે, અને ઉત્કર્ષ નામથી ઓળખાય છે, જે સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ ને તા.૦૧–૦૪–૧૧ થી ૧૫ વર્ષ માટેનો મુદતી રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર ના ભાડા કરારની નકલ રજુ કરેલ છે. સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. – ઈ– ૪૭૭૭ રાજકોટ થી નોંધણી, જે તા.૨૮–૧૦–૧૯૯૮ થી કરાયેલ છે, જેની નકલ રજુ કરેલ છે. સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ રાજકોટ તા.૦૬–૦૩–૧૧ ના ઠરાવ મુજબ – ઉચ્ચતર માધ્યમીક વિજ્ઞાન પ્રવાહ શાળા, અંગ્રેજી માધ્યમ માટે ટ્રસ્ટ વતી શાળા ની બધીજ કામગીરી કરવાની સતા શ્રી વિમલભાઈ છાયા ને અપાયેલ છે. જે અન્વયે સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ રાજકોટ ના નામે વીજજોડાણ મેળવવા માટે શ્રી વિમલભાઈ છાયા ના નામનુ પાનકાર્ડ નંબર – ACKPC5344B જોડેલ છે. તેમજ – રાજકોટ ખાતે, ઉત્કર્ષ બિલ્ડીંગ, ઈન્દ્રપ્રસ્થ નગર, પ્લોટ નં.–૬, સર્વે નંબરઃ ૪૨૯ પૈકી પ્લોટ નં.–૧૧૫, સીટી સર્વે નંબરઃ ૩૩૨૦/૨ ની જમીન ઉપર આવેલ ઉત્કર્ષ બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલ ફલેટ નં.–૧ ઓનરશીપ બેઇઝ થી ફલેટ વેચાણનો દસ્તાવેજ નં. – આરકેટી / ૨ / કેટીઆર/૨૦૧૦ થી શ્રી વિમલભાઈ ગીરીશચંદ્ર છાયા દ્વારા ખરીદ કરેલ છે, તેની નકલ રજુ કરેલ છે. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન વીજજોડાણ તા.૨૦–૧૨–૧૧ થી પર્ફોમા –૧૫ નંબરઃ ૩૯૭૮૨૦ થી ગ્રાહક નં. –૮૭૬૦૫/૦૩૦૭૮/૯ થી રીલીઝ કરેલ છે. ત્યારબાદ, સદર વીજજોડાણમાં ૫૦ કીવો નો વીજભાર વધારો કુલ ૭૫ કીવો વીજભાર માટે તા.૧૫–૦૪–૧૪ થી નોંધણી કરાયેલ છે, જે અન્વયે વીજભાર વધારો માહે એપ્રીલ –૧૪ થી રીલીઝ કરેલ છે.

૪.૨ તા.૨૬–૦૪–૧૬ થી સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ વતી શ્રી વિમલભાઈ ગીરીશચંદ્ર છાયા દ્વારા શૈક્ષણિક હેતુ માટે સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ ના નામે નવા શ્રી ફેઇઝ ટ્રસ્ટ લાઈટીંગ વીજજોડાણ ૯૫ કીવો માટે અરજી નોંધાવેલ, જેમા જોડેલ આધાર–પુરાવા મુજબ – જોડેલ સંમંતીપત્ર મુજબ –(૧) શ્રી વિમલભાઈ ગીરીશચંદ્ર છાયા પ્લોટ નં.–૧૧૫, પ્રથમ માળે, ફલેટ નં.–૧, –ઉત્કર્ષ સ્કુલ બિલ્ડીંગ, અક્ષર માર્ગ રાજકોટ (૨) શ્રીમતી શોભનાબેન જતીનભાઈ ભરાડ પ્લોટ નં.–૧૧૫, બીજા માળે, ફલેટ નં.–૨, –ઉત્કર્ષ સ્કુલ બિલ્ડીંગ, અક્ષર માર્ગ રાજકોટ (૩) શ્રી મુકુંદગીરી ફુલગીરી ગોસ્વામી પ્લોટ નં.–૧૧૫, ત્રીજા માળે, ફલેટ નં.–૩, –ઉત્કર્ષ સ્કુલ બિલ્ડીંગ, અક્ષર માર્ગ રાજકોટ (૪) શ્રી સુરેશ દામોદર વરીયલ પ્લોટ નં.–૧૧૫, ચોથા માળે, ફલેટ નં.–૪, –ઉત્કર્ષ સ્કુલ બિલ્ડીંગ, અક્ષર માર્ગ રાજકોટ દ્વારા શ્રી વિમલભાઈ ગીરીશચંદ્ર છાયા ને પીજીવીસીએલ માથી સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ ના નામે વીજજોડાણ આપવા અંગે ની નોટરાઈઝ સંમંતીપત્ર, તેમજ જમીન નો વેચાણ દસ્તાવેજ – જે ઉપરોકત સદર ૦૪ ભાગીદારો દ્વારા ખરીદેલ છે, તેની નકલ રજુ કરેલ છે. સદર વીજજોડાણ પીજીવીસીએલ દ્વારા તા.૩૧–૦૫–૧૬ થી ગ્રાહક નં. 87605/04337/6 થી રીલીઝ કરાયેલ છે, ત્યારબાદ સદર વીજજોડાણમાં ૦૫ કીવો નો વીજભાર વધારાની અરજી અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૧૭–૦૯–૧૮ થી ૧૦૦ કીવો નુ થયેલ છે.

૪.૩ ઉપરોકત પેરા નં. – ૪.૧ અને ૪.૨ અન્વયે બન્ને વીજજોડાણો – એકજ સ્થળ પર – એકજ નામનુ ધરાવતા હોય – અરજદાર શ્રી ને બન્ને વીજજોડાણો માથી એક જોડાણમાં મર્જ કરવાની કાર્યવાહી કરવા માટે લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૪–૦૬–૧૯ થી નોટીસ પાઠવવામા આવેલ છે. સદર નોટીસમા જણાવેલ કાર્યવાહી અરજદાર દ્વારા દિવસ–૦૩ માં કરવા સુચિત કરેલ છે, અન્યથા કંપની ના પ્રવર્તમાન નિયમ અનુસાર કાર્યવાહી કરવામા આવશે, જે અનુસંધાને અરજદાર ને યોગ્ય ન લાગતા – અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૪ The electricity connections were released in the year 2011 and 2016 at relevant time Supply Code,2015 is effective and Clause 4.28 speaks as under:

Clause 4.28:

> The Distribution Licensee will not provide more than one connection for one premise or in adjoining/contiguous premises belonging to same owner if these are not separated by a public road or by private premise. The consumers opting for second connection will have to produce separate legal entity documents such as separate Income Tax No/ Sales Tax No., ration card and rent or lease agreement.

૪.૫ સદર કેઇસ મા, ફરીયાદી અરજદાર શ્રી સ્વ. કસ્તુરબા પુરૂષોતમ ભટ્ટ એજયુકેશન ટ્રસ્ટ વતી શ્રી વિમલભાઈ ગીરીશચંદ્ર છાયા દ્વારા શૈક્ષણિક હેતુ માટે ના બન્ને ઉપરોકત વીજજોડાણો ગ્રાહક નં.૮૭૬૦૫/૩૦૭૮/૯ અને ગ્રાહક નં. – ૮૭૬૦૫/૦૪૩૩૭/૬ માટે રજુ કરેલ પાનકાર્ડ તેમજ વીજજોડાણ ની માલીકી એક જ નામે ધરાવતા હોય, ઉપરોકત મુદ્દા નં. ૪.૪ મુજબ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૨૮ મા કરાયેલ જોગવાઈ મુજબ સામેવાળા દ્વારા એક જગ્યા માટે અથવા તે જ માલીક ના અડીને આવેલ / બાજુની જગ્યામાં એક જ વીજજોડાણ આપવુ જોઈતુ હતુ. તેમ છતા, પીજીવીસીએલ દ્વારા જે તે સમયના પ્રવર્તમાન નિયમોનુ પરીપત્ર/માર્ગદર્શીકા મુજબ પાલન કરાયેલ નથી, આ માટે સંલગ્ન અધિકારી / કર્મચારીની નિયમ મુજબ – જવાબદારી નકકી કરી શિસ્તભંગ ની કાર્યવાહી કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે. તેમ છતા, અરજદાર ને અપાયેલ નોટીસ નિયમ ને સુસંગત હોય – રદ કરી શકાય નહી.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.
૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)
સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯